**E.J. SAND PUBLIC SCHOOL**
160 Henderson Avenue, Thornhill, Ontario
L3T 2L5
Tel: 905-889-2753 Fax: 905-889-1098
Website: ejsand.ps.yrdsb.ca
Blog: ejsandps.com

York Region District School Board *Inspire*Learning!

પ્રિય મા-બાપ અને વાલીઓ:

શિક્ષણમાં વાલીઓ અને માબાપ અમારા સૌથી સબળ સાથીદારો છે અને અમે આપના તરફથી સાંભળવા આતુર છીએ. The York Region District School Board તમામ મા-બાપ અને વાલીઓને તા. ૧ મે થી ૧૯ મે, ૨૦૧૭ દરમિયાનમાં મોજણી પૂરી કરવાનું આમંત્રણ પાઠવે છે. મા-બાપ/વાલીઓનો અવાજ પહોંચાડવા માટે આ મોજણી મહત્ત્વની તક છે અને એનાં પરિણામોનો ઉપયોગ વિદ્યાર્થીઓની સિધ્ધિઓ અને કલ્યાણમાં મદદરૂપ માર્ગદર્શન માટે મદદરૂપ થશે.

આ મોજણી Board Improvement Planની પ્રાથમિકતાઓ સાથે સુમેળ સાધે છે અને શાળાના શૈક્ષણિક વાતાવરણ, ગણિત, વિદ્યાર્થીનું માનસિક સ્વાસ્થ્ય અને કલ્યાણ, નિષ્પક્ષતા અને સમાવિષ્ટતા, અને સંભાળ લેતી અને સલામત શાળાઓ જેવા પ્રશ્નોનો એમાં સમાવેશ થાય છે. Ontario Education Actનું પાલન કરતી આ મોજણી છે અને શિક્ષણ મંત્રાલયના સ્કુલ વાતાવરણને લગતા મોજણી કરવાના આદેશને પરિપૂર્ણ કરે છે.

મોજણી પુરી કરવામાં આશરે પંદર મિનિટ જેટલો સમય લાગશે. મોજણીની અંગ્રેજી આવૃતિ ઓનલાઈન https://www.surveymonkey.com/r/yrdsb2017ParentSurvey પર ઉપલબ્ધ છે. કાગળની પ્રતવાળી મોજણી English, Simplified Chinese, Traditional Chinese, Farsi, Gujarati, Hebrew, Korean, Punjabi, Russian, Sri Lankan, Tamil, Urdu, અને Vietnamese ભાષાઓમાં ઉપલબ્ધ છે. **કાગળની પ્રત મેળવવા માટે શાળાનો સંપર્ક કરો.** જો આપ કાગળની પ્રતવાળી મોજણી ભરો છો, તો મહેરબાની કરી એને આપેલા પરબિડિયામાં મુકી શાળાને પરત કરો.

મા-બાપ/વાલીઓના વિચારવિમર્શની અમે કદર કરીએ છીએ અને ૧૯ મે પહેલાં મોજણી પુરી કરવા પ્રોત્સાહિત કરીએ છીએ. આપે આપેલી વિગતો અનામી, ગુપ્ત રખાશે અને પ્રસ્તુત કાયદાની જોગવાઈઓ અનુસાર સચવાશે. દરેક બાળક માટે આપ એક અલગ મોજણી ભરી શકો છો.

મોજણીનાં પરિણામો આપની શાળાના આચાર્ય પાસેથી પાનખરઋતુના અંત સુધીમાં ઉપલબ્ધ થશે. આપને કોઈ પ્રશ્ન હોય તો શાળાનો સંપર્ક કરવા વિનંતી. સહકાર બદલ આપનો આભાર.

સાદર,

Gujarati